Extra No. 173

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JULY 3, 2026 / ASADHA 12, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબ

File No: KHD/MAG/e-file/450/2025/2026/MAG BRANCH - નડીઆદ મહાનગરપાલિકા વિસ્તારમાં પારસ સર્કલ થી કપડવંજ રોડ સુધી સ્ટ્રોર્મ વોટર લાઈનની કામગીરી દરમ્યાન સરદાર સ્ટેચ્યુ, સ્ટેશન રોડ થી અક્ષર મોટેલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનની કામગીરી માટે સરદારશ્રીના સ્ટેચ્યુથી બસ સ્ટેશન તરફના રોડની સમાંતર આવેલ કાંસ રીડેવલપ કરવાની કામગીરી કરવા અર્થે જાહેર સલામતીને ધ્યાને રાખી સરદાર સ્ટેચ્યુ, સ્ટેશન રોડ થી - અક્ષર મોટેલ સુધીનો જાહેર માર્ગ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનોની અવર-જવર માટે બંધ કરી સદર વાહનો વૈકલ્પિક જાહેર માર્ગ ઉપર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ મ્યુનિ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકા દ્વારા તેઓશ્રીના -તો.૦૪/૦૫/૨૦૨૬ ના પત્ર જાવક નં.એ/સીઈ/૧૮૦/૨૬/૨૭ થી અત્રે દરખાસ્ત કરેલ. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીઆદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીના ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/નડીઆદ/૫૫૧/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે. જે અનુસંધાને અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા તેઓશ્રીનો હકારાત્મક - અભિપ્રાય તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ અત્રે સાદર થયેલ. જે અન્વયે ઉકત કામે તા.૦૭/૦૫/૨૦૨૬ થી તા.૦૬/૦૬/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. પરતું ઉકત કામગીરી હાલ પ્રગતિમાં હોય, જેથી સદર જાહેરનામાની મુદત વધુ ૦૩ (ત્રણ) માસ સુધી લંબાવવા ડે. મ્યુ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓ દ્વારા તેઓશ્રીના તા.૧૦/૦૬/૨૦૨૬ ના પત્ર જાવક) નં.એ/સીઈ/ ૪૧૧/૨૬/ ૨૭ થી અત્રે પુનઃ દરખાસ્ત કરેલ છે. સબબ, જાહેર જનતાની સલામતીને ધ્યાને લેતા ડે. મ્યુ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓની સદર દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૭/૦૬/૨૦૨૬ થી તા.૧૫/૦૯/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના જાહેર માર્ગો ઉપર તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) નડીઆદ સરદાર ભવન ત્રણ રસ્તા થી સોશિયલ ટી-પોઈન્ટ, આર.ટી.ઓ. ત્રણ રસ્તા, નડીઆદ મહાનગરપાલિકા ચાર રસ્તા, સરદારશ્રી પ્રતિમા, જુના બસ સ્ટેન્ડ, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતો તથા સરદારશ્રી પ્રતિમા થી જુના બસ સ્ટેન્ડ થી શ્રેયસ ગરનાળા, પીજરોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2) પીજ રોડ શ્રેયસ ગરનાળા થી રેલ્વે સ્ટેશન, સરદારશ્રી પ્રતિમા, બસ સ્ટેન્ડ, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

3) ડભાણ ભાગોળ થી સરદારશ્રી પ્રતિમા, બસ સ્ટેન્ડ, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) નડીઆદ સરદાર ભવન ત્રણ રસ્તા થી સોશિયલ ટી-પોઈન્ટ, આર.ટી.ઓ.ત્રણ રસ્તા, નડીઆદ મહાનગરપાલિકા ચાર રસ્તા, સરદારશ્રી પ્રતિમા, જુના બસ સ્ટેન્ડ, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતો તથા સરદારશ્રી પ્રતિમા થી જુના બસ સ્ટેન્ડ થી શ્રેયસ ગરનાળા, પીજરોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર,

- નડીઆદ સરદાર ભવન ત્રણ રસ્તા, સોશિયલ ટી-પોઈન્ટ થી ડાબી બાજુ વળી કબ્રસ્તાન ચોકડી, મરીડા ભાગોળ, ચકલાસી ભાગોળ, મહાગુજરાત સર્કલ, પારસ સર્કલ થઈ સંતરામ રોડ, બસ સ્ટેન્ડ તરફ જઈ શકાશે.

2) પીજ રોડ શ્રેયસ ગરનાળા થી રેલ્વે સ્ટેશન, સરદારશ્રી પ્રતિમા, બસ સ્ટેન્ડે, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતોતમામ વાહન વ્યવહાર.

વાહન વ્યવહાર

- પીજ રોડ તરફથી શ્રેયસ ગરનાળા, રેલ્વે સ્ટેશન, આર.ટી.ઓ. ત્રણ રસ્તા, સોશિયલ ટી-પોઈન્ટથી જમણી બાજુ વળી કબ્રસ્તાન ચોકડી, મરીડા ભાગોળ, ચકલાસી ભાગોળ, મહાગુજરાત સર્કલ, પારસ સર્કલ થઈ સંતરામ રોડ તરફ જઈ શકાશે.

3) ડભાણ ભાગોળ થી સરદારશ્રી પ્રતિમા, બસ સ્ટેન્ડ, અક્ષર મોટલ, સંતરામ રોડ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

- ડભાણ ભાગોળથી સરદારશ્રી પ્રતિમા, રેલ્વે સ્ટેશન, આર.ટી.ઓ. ત્રણ રસ્તા, સોશિયલટી-પોઈન્ટથી જમણી બાજુ વળી કબ્રસ્તાન ચોકડી, મરીડા ભાગોળ, ચકલાસી ભાગોળ, મહાગુજરાત સર્કલ, પારસા સર્કલ થઈ સંતરામ રોડ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા મ્યુ. કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓએ પોલીસ વિભાગના સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ, તા.૧૬/૦૬/૨૦૨૬.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો ::

File No:KHD/MAG/e-file/450/2025/1840/MAG BRANCH.- The National Testing Agency દ્વારા આયોજીત National Eligibility-cum-Entrance Test (NEET) તા.૨૧/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ સ.ક.૧૦:૦૦ થી સ.ક.૧૩:૦૦ દરમિયાન ખેડા જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ-કઠલાલ ખાતે યોજાનાર છે. જેથી તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા-નડીઆદનાઓએ તેઓની કચેરીના તા.૧૬/૦૬/૨૦૨૬ ના પત્ર જા.નં.જિ.શિ.અ/ખેડા/NEET-2026/૩૦૮૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે મુજબ ઉકત કામે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લાના સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ-કઠલાલ પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર ખાતે નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/ કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/ કરાવવું, આ રીતના કોઈપણ દુમ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે, ફેકસ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપી યર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકીટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રરણા કરવા તથા પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર.

સમયગાળો:- તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ સ.ક.૧૦:૦૦ થી સ.ક.૧૭:૦૦.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ /ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ, તા.૧૬/૦૬/૨૦૨૬.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.29 17:39:24 IST